# મુંબઈની મીઠી નદીની કેવી રીતે હત્યા કરાઈ?

અન્ય શહેરોની સરખામણીમાં કુદરત ખાસ કરીને મુંબઈ પર મહેરબાન છે. ત્યાં બે સંરક્ષિત વિસ્તારો છે. પહેલો છે સંજય ગાંધી નેશનલ પાર્ક (SGNP) જેમાં આરેના વનસંવેદનશીલ ઈકો-સેન્સિટિવ ઝોનનો સમાવેશ થાય છે અને બીજો થાણે ક્રીક ફ્લેમિંગો અભયારણ્ય (TCFS) છે. સંજય ગાંધી નેશનલ પાર્ક બિલકુલ અલાદ્દીનના જાદુઈ દીવા જેવો છે. તે માત્ર અજાયબીઓથી ભરેલો નથી, પરંતુ તે મનુષ્યો, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિને અકલ્પનીય પર્યાવરણીય લાભો પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. આવી જ એક ભેટ છે, મુંબઈની નદીઓ. 100 ચોરસ કિ.મી.માં ફેલાયેલો સંજય ગાંધી નેશનલ પાર્ક અહીંની તમામ નદીઓ જેમ કે દહિસર, પોઈસર, ઓશિવરા અને મીઠીનો સ્રોત છે. મુંબઈના નાગરિકોને જાણીને આશ્ચર્ય થશે કે આ કોંક્રિટનાં જંગલો વચ્ચે કોઈ કાળે એક નહીં પણ ચાર-ચાર ખળખળ વહેતી નદીઓ હતી. થાણેની ચેના નદી પણ SGNPમાંથી નીકળે છે. અહીં આપણે મુંબઈની 18 કિ.મી. લાંબી મીઠી નદી પર ધ્યાન કેન્દ્રિત કરીશું. મીઠી નદી વિહાર તળાવના મુખમાંથી નીકળે છે અને થોડા અંતર પછી પવઈ તળાવના મુખને મળે છે; અને પછી બંને નદીઓ એક થઈ જાય છે. થોડાક દાયકા પહેલાં સુધી આ નદી અરબી સમુદ્રને પૂરા ગૌરવ સાથે મળતી હતી. બાળકો નદીમાં રમતાં હતાં અને લોકો તેમાં ન્હાતા પણ હતા. થોડે આગળ નીચે ડાંગરનાં ખેતરો હતાં. પાણી મધુર હોવાથી નદીનું નામ મીઠી પડ્યું હતું. મીઠી નદીના વિનાશની પ્રક્રિયા 1970 પછી શરૂ થઈ હતી.



ટાઈમ લાઈન
સંજય વોરા

મીઠી નદીને પચાસ વર્ષના અત્યાચારે ગંદી, દુર્ગંધયુક્ત, સડતી ગટરમાં ફેરવી દીધી છે. નદી કિનારે ગેરકાયદેસર ચાલો, ઝૂંપડપટ્ટીઓ, જળ પ્રદૂષણ પેદા કરતાં ઉદ્યોગો, ભેંસોના તબેલાઓ વગેરે બધું વસેલું છે. આપણા પ્રાકૃતિક વારસાના સંરક્ષણની જવાબદારી ધરાવતી સરકારે નદી કિનારે અતિક્રમણ કરનારાઓને નફો રળવા માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડીને આ નદીના વિનાશમાં ભાગીદાર બનવાનું પસંદ કર્યું છે. 1980ના દાયકા સુધી દરેક ઊંચી ભરતી સાથે દરિયાના કેટલાક પાણી નદીનાં મુખમાં પ્રવેશી જતા હતાં અને તેની સાથે કેટલીક માછલીઓ લાવતા હતા. આજે તે પરીકથા જેવું લાગે છે. તકનીકી અને વૈજ્ઞાનિક રીતે નદીમાં પાંચ ઘટકો હોય છે. સ્રોત, ઉપરનો ભાગ, કેચમેન્ટ વિસ્તાર, નીચલો ભાગ અને મુખ જ્યાં તે સમુદ્રને મળે છે. મીઠીનું દુર્ભાગ્ય છે કે તેના દરેક ઘટકનો નાશ થઈ ગયો છે. મીઠી નદીના સ્રોતની નજીક એક ડેમ બાંધવામાં આવ્યો છે તેમજ નદીના પટને કોંક્રીટથી ઢાંકવામાં આવ્યો છે અને તેની સમગ્ર લંબાઈ સાથે દિવાલો ઉભી કરવામાં આવી છે.

મીઠી નદીના આરે કોલોનીના કેચમેન્ટ વિસ્તારોમાં જંગલની અંદર વિશાળ દિવાલો બનાવીને તેમને નદીથી અલગ કરવામાં આવ્યા છે. જંગલની અંદર નદી પર દીવાલો બાંધવા પાછળ બિલ્ડર લોબીનું કાવતરું છે. એ સમજવા માટે રોકેટ સાયન્ટિસ્ટ બનવાની જરૂર નથી કે એક વાર જંગલ સુકાઈ જાય પછી રિયલ એસ્ટેટ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી જમીન બનાવવાનો હેતુ છે. મીઠી નદીનો ડૂબી ગયેલો વિસ્તાર હવે વિવાદાસ્પદ મેટ્રો-૩ કાર શેડનું ઘર છે, જે લાલ શ્રેણીનો પ્રદૂષિત ઉદ્યોગ છે. મીઠી નદીના મુખની કબર પર બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) બિઝનેસ ડિસ્ટ્રિક્ટની વિશાળ વ્યાવસાયિક ઈમારતો ઊભી છે.

**પચાસ વર્ષના અત્યાચારે મીઠી નદીને ગંદી ગટરમાં ફેરવી દીધી છે. નદી કિનારે ગેરકાયદેસર ચાલો, ઝૂંપડપટ્ટીઓ, જળ પ્રદૂષણ પેદા કરતાં ઉદ્યોગો, ભેંસોના તબેલાઓ વગેરે બધું વસેલું છે**

મીઠી નદીના ઉદ્દગમથી લઈને તે અરબી સમુદ્રને મળે ત્યાં સુધીનો તેનો દરેક કુદરતી ભાગ નાશ પામ્યો છે.

નદીના ડૂબાણ વિસ્તારમાં ગગનચુંબી ઈમારતો ઊભી છે.

મીઠી નદી એક પ્રવાહમાંથી વહે છે, જે કુદરતી રીતે અંધેરીથી માહિમ સુધીના પશ્ચિમી ઉપનગરોમાંથી પૂરના પાણીને સમાવે છે. મુંબઈના 2006ના પૂરે સરકારી આયોજન સંસ્થાઓની ભૂલોને ઉજાગર કરી હતી. પરિણામે મુંબઈવાસીઓએ ત્રણ દિવસ સુધી અકલ્પનીય યાતના વેઠવી પડી હતી. 2006ની દુર્ઘટના પછી મીઠી નદી પ્રત્યેના પ્રેમ અને ચિંતાને લઈને ચારેબાજુ ભારે હોબાળો થયો હતો. એવું લાગતું હતું કે જાણે મુંબઈનું વહીવટી તંત્ર મીઠી નદીને અને તેની કીર્તિને પુનર્જીવિત કરવા મક્કમ છે. મુંબઈને પૂર મુક્ત રાખવા માટેના પગલાં સૂચવવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. મીઠી નદી વિકાસ અને સંરક્ષણ સત્તામંડળની સ્થાપના કરવામાં આવી હતી. વાસ્તવમાં તેનો હેતુ બિલ્ડરોને સંરક્ષણ આપવાનો હતો. મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટે તેનો રનવે વિસ્તારવાનું નક્કી કર્યું અને તેણે તેના માટે મીઠી નદી પસંદ કરી હતી. વિસ્તરણ કાર્યને સરળ બનાવવા માટે મીઠી નદીની પહોળાઈ ઘટાડવામાં આવી હતી અને તેને જમણા ખૂણા પર વાળવામાં આવી હતી. વાસ્તવમાં કાંપ હટાવવાના બહાના હેઠળ હજારો કરોડ રૂપિયાના જાહેર નાણાંનો આડેધડ અને બિનજરૂરી ખર્ચ કરવામાં આવ્યો હતો.

નદીના મુખના નુકસાનની ભરપાઈ કરવાની સૌથી ભયંકર યોજના એવી હતી બ્લાસ્ટ કરીને નદીનું મોં ખોલવું. જો આમ થયું હોત તો નદીના મુખમાં વધુ કાંપ જમા થાત અને પૂરની સ્થિતિ વધુ વણસી જાત. NGO આ મુદ્દાને કોર્ટમાં લઈ ગયા અને સદનસીબે બ્લાસ્ટ થયો ન હતો.

નામદાર સુપ્રીમ કોર્ટે નદીને પુનઃજીવિત કરવા માટેનાં પગલાં સૂચવવા માટે નિષ્ણાંતોની એક સમિતિની નિમણૂંક કરી. તેમ છતાં 2018 પછી, BKCમાં નદીની નજીકની છેલ્લી બાકી રહેલી ખાલી જગ્યાઓ પર એક મોલ, કોમર્શિયલ ઈમારતો અને કાસ્ટિંગ યાર્ડ બનાવવામાં આવ્યા હતા.

આજે મુંબઈમાં મીઠી નદી માત્ર ગટરના સ્વરૂપમાં નજરે પડે છે. આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને બહાર નીકળતાંની સાથે જ મીઠી નદીમાંથી નીકળતી કાચા ગટરની દુર્ગંધનો સામનો કરવો પડે છે. મીઠી નદી મુંબઈની ભૂગોળનો નહીં પણ ઈતિહાસનો વિષય બનીને રહી ગઈ છે. મુંબઈનાં બાળકોને સપનામાં પણ ખબર નહીં હોય કે તેમનાં શહેરમાં એક નદી ખળખળ વહેતી હતી.



# શાસ્ત્રી, શાસ્ત્રી, શાસ્ત્રીની નાદબ્રહ્મની આરાધના

સુરતની સુપ્રસિદ્ધ સંગીત સંસ્થા ૐ શ્રી સંગીત ઉપાસના મંદિર દ્વારા તા.૧૫મી ડિસેમ્બર ના રોજ દિલીપ-પરેશ રોટરી હોલમાં એક અવિસ્મરણીય શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ થયો. આ સંસ્થાની સ્થાપના સુરતના વિદ્વાન ગાયક સ્વ.પં.મહાદેવ ભાઈ શાસ્ત્રી એ ઈ.સ.1927 માં કરી હતી. આ કાર્યક્રમ સ્વ.પં.મહાદેવભાઈ શાસ્ત્રી અને તેમના પુત્રો સ્વ.પં.જયંત ભાઈ શાસ્ત્રી જેઓ એક વિદ્વાન ગાયક હતા અને સ્વ.પં.શરદભાઈ શાસ્ત્રી જેઓ એક સુપ્રસિદ્ધ સિતારવાદક હતા, આ કાર્યક્રમનું આયોજન આ ત્રણેય મહાન સંગીતકારોની



સ્મૃતિમાં તો ખરું જ સાથે સાથે તેમના જીવનસાથી સ્વ. લીલાવતી બેન, સ્વ.મંદાકિની બેન, સ્વ.સીતાબેન, સ્વ.મીનાબેન, તથા ઋષિ કુમાર શાસ્ત્રીનાં જીવનસાથી જેઓ આ વર્ષે દિવંગત થયા એવા સ્વ. હંસાબેનને સમર્પિત કર્યો. ડૉ.દિલીપ શાસ્ત્રી, શ્રી મનોજ શાસ્ત્રી, ડૉ.આશિષ શાસ્ત્રી અને શ્રી વશિષ્ઠ શાસ્ત્રીએ દીપ પ્રાગટય કરી આ સમર્પિત કાર્યક્રમની શરૂઆત કરી. ત્યારબાદ ગણેશવંદનાથી કાર્યક્રમની શરૂઆત થઈ. જેમાં કુ.વંદિતા શાસ્ત્રી એ નૃત્ય દ્વારા ગણેશવંદના કરી. તેની મુદ્રાઓ તથા ભાવવાહી પ્રસ્તુતિથી શ્રોતાઓ આકર્ષિત થયા. રાગ બિભાસમાં ઋષિ કુમાર શાસ્ત્રી રચિત બંદિશ ગજાનના ગજાનના, આ ગણેશ વંદનાની ગાયકી ડૉ.પ્રિયંકા કામનવારની હતી, તબલા સંગત કેયુર કામનવારે કરી જે ખૂબ સરસ રહી. જેને અનિકેત યાર્દી એ હાર્મોનિયમ પર સુંદર સાથ આપ્યો.

કર્ટનકોલ
આલાપ શાસ્ત્રી

પંડિત શ્રી મહાદેવ ભાઈના પ્રપૌત્ર શ્રી રવિ દવે દ્વારા શાસ્ત્રીય ગાયનની રજૂઆત થઈ જેઓ એ રાગ બૈરાગીમાં રૂપક તાલમાં નિબધ્ધ ઋષિ કુમાર શાસ્ત્રી રચિત બંદિશ સૂનો ભયો ગોકુલ ધામ અને તરાનાની સુંદર રજુઆત કરી.

ત્યારબાદ ડૉ. આશિષ શાસ્ત્રી એ સિતારવાદન પ્રસ્તુત કર્યું. તેઓએ રાગ નટભૈરવ પ્રસ્તુત કર્યો. જેમાં સુંદર આલાપચારી અને સિતારની વિશેષતા ઓ રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. તેમની સાથે શ્રી અભિજ્ઞ શાસ્ત્રીની તબલા સંગતિ પણ અદ્ભુત રહી. ત્યારબાદ પ્રા.રત્નાબેન જાદવાણી એ રાગ જોનપુરી પ્રસ્તુત કર્યો. જેમાં તેઓ એ બડા ખ્યાલ, છોટા ખ્યાલમાં પ્રચલિત બંદિશ તોરી ડગરીયા તથા સંગીતજ્ઞ આરતી બેન વખારિયા રચિત તરાનાની પ્રસ્તુતિ કરી જે ખૂબ સરસ રહી. તબલા પર શ્રી વશિષ્ઠ શાસ્ત્રી એ અને હાર્મોનિયમ પર શ્રી સુધીરભાઈ યાર્દી એ સુંદર સાથ આપ્યો.

આ કાર્યક્રમ માં સ્વર ઉપાસક ડૉ.ઋષિકુમાર શાસ્ત્રી દ્વારા રચિત ગાયન પંચામૃત નામનાં એક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું જેમાં 51 સ્વરચિત બંદિશોનો સંગ્રહ છે. આ પુસ્તકની સાથે એક પેનડ્રાઈવ પણ અર્પણ કરી જેમાં આ બધીજ બંદિશો સ્વયં ગાઈને પ્રસારીત કરી છે. યુટ્યુબ પર પણ આ રચનાઓ મૂકવામાં આવી છે. આ પુસ્તકનું વિમોચન અતિથિ વિશેષ ડૉ.અર્ચનાબેન દીક્ષિત, પં.હેમંતભાઈ ગાંધર્વ, સ્વર ઉપાસક ડૉ.ઋષિકુમાર શાસ્ત્રી અને

**પંડિત શ્રી મહાદેવ ભાઇના પ્રપૌત્ર શ્રી રવિ દવે દ્વારા શાસ્ત્રીય ગાયનની રજૂઆત થઇ જેઓ એ રાગ બૈરાગીમાં રૂપક તાલમાં નિબધ્ધ ઋષિ કુમાર શાસ્ત્રી રચિત બંદિશ સૂનો ભયો ગોકુલ ધામ અને તરાનાની સુંદર રજુઆત કરી**

સંગીતાચાર્ય શ્રી સુનિલભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું. આ પુસ્તક પેનડ્રાઈવ સ્વર ઉપાસક ડૉ.ઋષિકુમાર શાસ્ત્રી એ તેમના મિત્ર સંગીતાચાર્ય શ્રી સુનિલભાઈ મોદી ને અર્પણ કરી અને સમ્માનપત્ર આપી તેમનું સમ્માન કર્યું.

આ સમ્માન પત્રનું ભાવવાહી વાંચન ડૉ. દિલીપભાઈ શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.


ત્યાર બાદ સંગીતાચાર્ય શ્રી સુનિલ મોદી દ્વારા શાસ્ત્રીય ગાયનની રજૂઆત થઈ જેઓ એ રાગ આહિરભૈરવ પ્રસ્તુત કર્યો. જેમાં તેમણે બડા ખ્યાલ અને છોટા ખ્યાલમાં સ્વરચિત વૈષ્ણવ સંપ્રદાયના પુષ્ટિ માર્ગની રચના વય અવસ્થાને ભૂલાવી દે તેવી રીતે અદ્ભુત પ્રસ્તુતિ કરી. તબલા સંગતિ શ્રી વશિષ્ઠ શાસ્ત્રી અને હાર્મોનિયમ સંગતિ શ્રી સુધીરભાઈ યાર્દી એ ખૂબ સુંદર કરી.

ત્યારબાદ સ્વર ઉપાસક ડૉ.ઋષિકુમાર શાસ્ત્રી દ્વારા શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિ કરવામાં આવી. જેઓ એ રાગ બહાદુરી તોડીની વિશેષતાઓની છણાવટ સાથે બંદિશ સાધો નાદ રૂપની રજૂઆત કરી. આ સાથે એમના દાદા ગુરુ પંડિત ઓમકારનાથ ઠાકુરને અર્પણ કરતી બંદિશ નાદબ્રહ્મ કો માનેની પ્રભાવક રજૂઆત કરી. તબલા પર ઈશાન શાસ્ત્રી અને હાર્મોનિયમ પર સુધીર યાર્દી એ સુંદર સાથ આપ્યો.આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ.અર્ચનાબેન દીક્ષિત પધાર્યા હતા જેમણે કાર્યક્રમને અને જીવનસંગિની નારીઓનાં યોગદાનને સમર્પિત કાર્યક્રમને બિરદાવ્યો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.દિલીપ શાસ્ત્રીએ કર્યું. આભારવિધિ ડૉ.આશિષભાઈ શાસ્ત્રી એ કરી. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રણવ પારિજાત ટ્રસ્ટનો સહયોગ મળ્યો. આ કાર્યક્રમમાં શ્રોતાઓની હાજરી નોંધનીય રહી અને સૌ શ્રોતાઓએ કાર્યક્રમને ખૂબ રસભેર માણ્યો.

## શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. સ્વાર્થી (૬)
૬. વગાડવું તે (૩)
૮. જંગલનું (૨)
૯. મોટો વેપારી, શ્રીમંત (૫)
૧૦. મુખ, ચહેરો (૩)
૧૧. પાછું (૩)
૧૩. પુરુષ, મનુષ્ય (૨)
૧૪. હુકમનો અમલ(૩)
૧૬. ફરિયાદી, મદારી (૨)
૧૭. બદમાશ (૩)
૧૮. વૃદ્ધ, અશક્ત (૩)
૨૦. સેવક (૨)
૨૧. ધોળાશ પડતું, રૂપાનું (૩)
૨૨. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩)
૨૪. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૨૫. ઉપાય, ઇલાજ (૨)
૨૭. નાની જાડી લાકડી (૨)
૨૯. હાથી (૨)
૩૧. ઝટ, એકદમ (૩)
૩૪. આદમી (૨)
૩૬. અભિપ્રાય (૨)
૩૭. શૂરાતન (૩)
૩૮. કાળ, વખત (૩)
૪૦. ભૂલભરેલું (૩)
૪૧. દીવો (૨)
૪૨. કેરી (૨)
૪૩. સહાય (૩)
૪૫. શ્રીરામનો પુત્ર (૨)
૪૭. એક પછી એક(૪)
૫૦. સમય, વખત (૨)
૫૧. મીઠું (૪)
૫૨. પાલવ, છેડો (૩)
૫૪. સાચા મનનું (૪)
૫૭. જીતેન્દ્ર-જયા પ્રદાની એક ફિલ્મ (૧)
૫૮. કિંમત, મૂલ્ય (૨)
૫૯. આંખ, લોચન (૩)
૬૧. જુસ્સો, અધીરાઈ (૫)
૬૪. કેફ, ખુમારી (૨)
૬૫. સિંહ (૪)
૬૭. મીઠું (૩)
૭૦. એક ફળ (૪)
૭૨. વેચાણનું નાણું (૩)
૭૪. સાથે મળીને થતી ચર્ચા (૪)
૭૫. ઇશારો, સૂચન (૪)
૭૬ દુનિયા (૨)

**ઊભી ચાવી**

૨. દહીંમાંથી પાણી કાઢી લઇ બનાવેલા એક ખાદ્ય પદાર્થ (૩)
૩. શરીર, દેહ (૨)
૪. માંદું (૩)
૫. ચાલાકી, હોશિયારી (૪)
૬. કથા, કહાણી (૩)
૭. નવલું, નવાઈભર્યું (૩)
૮. વનમાં વસવું તે (૪)
૧૧. પગનો ચાલવાનો અવાજ (૪)
૧૨. સખત, ટપાટપી, ઝઘડો (૪)
૧૩. દૃષ્ટિ, જોવું (૩)
૧૫. એક રાશિ (૨)
૧૮. પાણી, નીર (૨)
૧૯. કર્તવ્ય (૩)
૨૦. નોતરું, નિમંત્રણ (૩)
૨૩. પવન, હવા (૨)
૨૬. ફત્તેહ, વિજય (૨)
૨૮. વનરાજ, વનરાઈ (૨)
૨૯. વીતી ચૂકેલું (૨)
૩૦. ઢીલ, વિલંબ (૨)
૩૨. પ્રથા, રિવાજ (૩)
૩૩. રહેવાનું સ્થળ, તીર્થ (૨)
૩૫. રોકડું (૩)
૩૬. હેતુ, આશય (૪)
૩૭. લીલા રંગનું એક પક્ષી (૩)
૩૯. મૃત્યુના દેવ (૨)
૪૨. આફત (૩)
૪૪. પીડવું (૩)
૪૬. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૪૮. ખોબો (૨)
૪૯. વાંદરું, કપિ (૩)
૫૧. સરોવર (૨)
૫૩. સહાય (૩)
૫૪. દિલ, મન (૨)
૫૫. રહેઠાણ (૩)
૫૬. મેંદી (૨)
૬૦. અનાથ બાળક (૩)
૬૧. એક તેજાનો (૨)
૬૨. ખુશબો (૩)
૬૪. હેતુ, મુરાદ (૪)
૬૫. વિષ, ઝેર (૨)
૬૬. ગસ માથાવાળો લંકાનો રાજા (૩)
૬૮. બાળ ભાષામાં ચવાણું (૨)
૬૯. પખવાડિયાની સાતમી તિથિ (૩)
૭૦. એકઠું થયેલું (૨)
૭૧. આકાર, દેખાવ (૨)
૭૨. નાત જમાડવી તે (૨)
૭૩. એક દિવસની મજૂરી (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

